# EDIIમાં ઇન્ડક્શન વીકનો પ્રારંભ: આંત્રપ્રિન્યોરશિપ શિખવાડાશે

## 2017ના ચાલું શૈક્ષણિક સત્રમાં 95 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો

**Education Talk**

સિટી રિપોર્ટર | અમદાવાદ

2017 નવી બેચમાં પ્રવેશ મેળવનાર 95 વિદ્યાર્થીઓ માટે આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ) દ્વારા ઇન્ડકશન વીક પ્રોગ્રામનો પ્રારંભ કરાયો છે. એક વીકના ઇન્ડકશન પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા અને બે વર્ષના કોર્સના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવશે. પીજી કોર્સના ચેરપર્સન ડો. મનોજ મિશ્રાએ વિદ્યાર્થીઓનું સ્વાગત કરીને તેમને ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રમાં સંસ્થાની પ્રવૃત્તિ તથા વિવિધ સંસ્થાઓ, ક્લસ્ટર્સમાં ઉદ્યોગ સાહસિકતાની તાલીમ, ક્ષમતા નિર્માણના અમલીકરણ બાબતે સંસ્થાની ભૂમિકા અંગે જાણકારી આપી હતી. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ-બિઝનેસ આંત્રપ્રિન્યોરશીપ (પીજીડીએમ-બીઇ) અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા પ્રોગ્રામ-ડેવલપમેન્ટ સ્ટડીઝ (પીજીડીએમ-ડીએસ)માં પ્રવેશ મેળવ્યો છે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, નવી દિલ્હી, છત્તિસગઢ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક, ઓરિસ્સા, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, સિક્કિમ, તમિળનાડું અને કેરળના ઉભરતા યંગ આંત્રપ્રિન્યોરર્સનો સમાવેશ થાય છે. 79 વિદ્યાર્થીઓએ પીજીડીએમ-બીઇ પ્રોગ્રામ અને 12 વિદ્યાર્થીઓએ પીજીડીએમ-ડીએસ પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો છે. આ ઉપરાંત ચાર વિદેશી વિદ્યાર્થીઓએ પણ પીજી પ્રોગ્રામમાં પ્રવેશ મેળવ્યો છે.



ઇડીઆઇઆઇના વિવિધ કોર્સમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવ્યો